Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨–૪–૨૦૧૩**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા.૨–૪–૨૦૧૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : <u>કાર્યવાહી</u> :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા.૨–૪–૨૦૧૩** |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | ગેરહાજર |
| ૧૮. | ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૧૯. | ડૉ.ધનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૭–૧–૨૦૧૩ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૭–૧–૨૦૧૩ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**<u>બાબત ક્રમાંક : ૫૧</u>**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના એસોસીયેટ પ્રોફેસર, ડો.પ્રજ્ઞેશ ગજજરના તા.૯–૮–૨૦૧૧ પત્રાંકઃમેથ્સ/પીગજજર/૩૦૦૬થી તાત્કાલિક અસરથી તા.૯–૮–૨૦૧૧ થી પોતાના પદ પરથી સ્વૈચ્છિક રાજીનામુ આપતા પત્ર પર વિચારણા કરવા બાબત.

<u>નોંધ</u> :–

(૧) ડો.પ્રજ્ઞેશ ગજજર તા.૧૮–૫–૨૦૦૨ ના રોજ રીડર તરીકે ગણિતશાસ્ત્ર વિભાગમાં જોડાયા બાદ તા.૧૬–૨–૨૦૦૫ ના રોજ યુ.કે. પ્રવાસે જવા વિનંતી કરી હતી અને તેમને મંજૂરી આપવામાં આવી હતી. જેના માટે તેમને ૭૨ દિનની રજા ભોગવી હતી. તા.૧૯–૨–૨૦૦૭ના રોજ રાજીનામાનો પત્ર અને તા.૨૨–૨–૨૦૧૦ના પત્રથી રાજીનામું પરત ખેંચવા તથા પ્રસ્તુત સમયગાળાની કપાત પગારની રજા બિન પગારી ગણી ફરજ પર હાજર કરવા વિનંતી કરી હતી. સિન્ડિકેટ તા.૮–૪–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક (૫૦) થી નીચે મુજબ ઠરાવેલ છે.

> " યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના રીડર તરીકે નિમણૂંક પામેલ ડો.પ્રજ્ઞેશ ગજજરનું રાજીનામું સક્ષમ અધિકાર મંડળ સ્વીકાર કરે તે પહેલાં રાજીનામું પરત ખેંચી લેવાની તા.૨૨–૨–૨૦૧૦ની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવે છે અને તેઓ જેટલા સમય ગેરહાજર રહ્યા હોય તેને બિન પગારી રજા ગણી આનુષાંગિક લાભો સાથે ફરજ પર હાજર કરવા ઠરાવેલ હતું."

ઉપરોકત ઠરાવ મુજબ તેમની ગેરહાજરી અંતર્ગત તા.૨૧–૬–૨૦૦૫થી ૨૫–૪–૨૦૧૦ દિન ૧૭૭૦ની કપાત પગારી રજા ભોગવી હતી અને તા.૨૬–૪–૨૦૧૦ના રોજ ફરજ પર હાજર થયા હતાં.

(૨) ઉપરોકત પત્રથી ડો.પ્રજ્ઞેશ ગજજરે ૩ માસનો નોટીસ પે તેમના છઠ્ઠા પગાર પંચ અંતર્ગત ફિક્ષેશન કરવામાં આવે ત્યારે તેમને મળવાપાત્ર એરીર્યસની રકમમાંથી સરભર કરવા જણાવેલ છે.

(૩) જી.સી.એસ.આર.ના નિયમાનુસાર ડો.પ્રજ્ઞેશ ગજજરની રજા ૫ વર્ષથી વધુ હોઈ સદર રજાઓ માટે રાજય સરકારની મંજૂરી જરૂરી હોઈ કાર્યાલય ધ્વારા તા.૧૬–૯–૨૦૧૦ના પત્રાંકઃજન/એસ્ટા/ટી/૯૯૧૫/૨૦૧૦ થી શિક્ષણ વિભાગને પત્ર પાઠવવામાં આવેલ હતો. જે સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા ક્રમાંકઃદગય/૨૬૧૧/૫૦૬૭–ખ તા.૫/૯/૧૧ પત્રાંક થી જરૂરી પૂર્તતા કરવા જણાવવામાં આવેલ હતું. જે અંતર્ગત કાર્યાલય દ્વારા તા.૬/૯/૧૧ પત્રાંક ક્રમાંક/જન/૯૬૪૮/૨૦૧૧ થી જરૂરી પૂર્તતા કરવામાં આવેલ છે. સદર બાબતે શિક્ષણ વિભાગ દ્વારા હજી સુધી મંજૂરી આપવામાં આવેલ નથી.

(૪) કાર્યાલય ધ્વારા તેમને પાંચમાં પગારપંચ અંતર્ગત મેળવતા પગાર અંતર્ગત પત્રાંકઃ જન/ એસ્ટા/ ૫૭૦૪, તા.૯–૮–૨૦૧૧/૨૯–૫–૨૦૧૨ થી નોટીસ પે રૂા.૧,૩૫,૪૫૦/– ભરવા માટે જણાવવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.પ્રજ્ઞેશ ગજજરના રાજીનામાનો સ્વીકાર કરવો બન્ને પક્ષે કોઈ નાણાંકીય લેતી–દેતીઓ હવે કરવી નહીં.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.પ્રજ્ઞેશ ગજજરનું રાજીનામું ખાસ કિસ્સામાં ૩ માસનો નોટીસ પે વેવ કરી રાજીનામું સ્વીકારવું.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ.પ્રજ્ઞેશ ગજજર પાસેથી નિયમાનુસારની રીકવરી/ વસુલાત કરવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

**<u>બાબત ક્રમાંક : ૮૧</u>**

યુનિવર્સિટી સંલગ્ન સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ એન્ડ એમ.જી. શાહ ઈન્સ્ટિટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી (બી.સી.એ. કોર્ષ), અમરોલીમાં કોમ્પ્યુટર સાયન્સ વિષયના વ્યાખ્યાતા (૧) **કુ. રાગીણીબેન બી. પ્રસાદ**ને આ કાર્યાલય દ્વારા તા. ૦૨–૦૭–૨૦૦૮ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૯૭૩/૨૦૦૮, (૨) **શ્રી જૈમિન એચ. શુકલ**ને આ કાર્યાલય દ્વારા તા. ૧૦–૦૬–૨૦૦૮ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૧૩૭/૨૦૦૮થી અને (૩) **કુ. કેજલ સી. વાડઝા**ને આ કાર્યાલય દ્વારા તા.૦૯–૦૭–૨૦૦૯ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૭૧૨/૨૦૦૯, થી ૫ વર્ષમાં નેટ/ સેટ/ એમ.ફીલ./ પીએચ.ડી. પરીક્ષા સંબંધિત વિષયમાં પાસ કરવાની શરતે, શરતી માન્યતા આપવામાં આવેલ છે.

ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓએ નીચે મુજબ એમ.ફીલ.ની પદવીઓ મેળવેલ છે.

| ક્રમ | વ્યાખ્યાતાનું નામ | એમ.ફીલ.ની પદવી મેળવેલ વર્ષ અને વિષય | યુનિવર્સિટીનું નામ |
|---|---|---|---|
| ૧ | કુ. રાગીણીબેન બી. પ્રસાદ | મે– ૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY- <u>Distance Education</u>, NAGALAND** |
| ૨ | શ્રી જૈમિન એચ. શુકલ | મે– ૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY- <u>Distance Education</u>, NAGALAND** |
| ૩ | કુ. કેજલ સી. વાડઝા | ડિસેમ્બર–૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY- <u>Distance Education</u>, NAGALAND** |

યુ.જી.સી.ની તા. ૨૧ મી જુલાઈ, ૨૦૦૮ ની મીટીગમાં થયેલ નિર્ણય નીચે મુજબ છે.

**The candidates, who are already registered for M.Phil and complete the same upto 30th june, 2009, be exempted from NET for UG teaching. However, NET/SLET shall be compulsory for the candidates completing their M.Phil on or after 1st july, 2009.**

વધુમાં જણાવવાનું કે, **એકેડેમીક કાઉન્સીલ તા. ૦૯–૦૭–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ૫૬ મુજબ ઠરાવેલ છે કે, <u>ધ ગ્લોબલ ઓપન યુનિવર્સિટી (ડીસ્ટન્ટ એજયુકેશન), નાગાલેન્ડના ઓફ કેમ્પસમાંથી મેળવેલ એમ.ફીલ.નો અભ્યાસ કરીને આવેલ વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટી (વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત)માં ચાલતા જે તે સ્નાતક/ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં તથા એમ.ફિલ./ પીએચ.ડી.માં પ્રવેશપાત્ર ગણવા નહી.</u>**

ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓના પત્ર, યુ.જી.સી.નો નિર્ણય તથા એકેડેમીક કાઉન્સીલના ઠરાવને અવલોકનમાં લઈ ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓની શરતી માન્યતા સંદર્ભે એમ.ફીલ.ની ડિગ્રી માન્ય ગણવી કે કેમ ? તે બાબતે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડિસ્ટન્સ એજયુકેશન, થ્રુ મેળવેલ એમ.ફીલ.ની પદવી માન્ય રાખવી કે નહિ તે બાબતે યુ.જી.સી.ને પુછાવવુ અને યુ.જી.સી.ના નિયમો મુજબ ઘટતુ કરવું.**

**વધુમાં NISO દ્વારા ધો–૧૨ પાસ કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને અંકલેશ્વરની કડકીયા કોલેજમાં પ્રવેશો આપેલ છે કે કેમ તેની તપાસ કરવી.**

<u>ને બદલે</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડિસ્ટન્સ એજયુકેશન, થ્રુ મેળવેલ એમ.ફીલ.ની પદવી માન્ય રાખવી કે નહિ તે બાબતે યુ.જી.સી.ને પુછાવવુ અને યુ.જી.સી.ના નિયમો મુજબ ઘટતુ કરવું.**

**વધુમાં <u>NIOS</u> દ્વારા ધો–૧૨ પાસ કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને અંકલેશ્વરની કડકીયા કોલેજમાં પ્રવેશો આપેલ છે કે કેમ તેની તપાસ કરવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

**<u>બાબત ક્રમાંક : ૯૨</u>**

ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતમાં ચાલતા **M.Ch. (Plastic & reconstructive Surgery)** **<u>અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ના પ્રવેશની કામગીરી</u>** સંદર્ભમાં ડીનશ્રી ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતના તા. ૦૭–૦૫–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 10393-94/ 2012**, તા. ૧૪–૬–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 13499-500/ 2012** અને તા. ૧૯–૬–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 13917-18/ 2012** અવલોકને લઈ **M.Ch. (Plastic & reconstructive Surgery)** **<u>અભ્યાસક્રમ માટે દૈનિક પત્રમાં જાહેરાત તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર જાહેરાત તથા તે અંગેના જરૂરી ફોર્મ તથા માહિતી મૂકવામાં આવેલ હતા. સદર અભ્યાસક્રમની પ્રવેશની એન્ટ્રન્સ પરીક્ષા અંગે ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ ૧૮–૭–૨૦૧૨ રાખવામાં આવેલ હતી. જે અન્વયે સદર છેલ્લી તારીખ સુધી એક પણ ફોર્મ અત્રેના કાર્યાલયને પ્રાપ્ત થયેલ ન હોઈ,</u>** છેલ્લા ત્રણ વર્ષથી સદર અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીએ ખૂબ પ્રયત્નો કર્યા, આશરે ૮ લાખની આસપાસ ખર્ચ થવા છતાં એક પણ વિદ્યાર્થી ન મળતા અને હાલમાં એક પણ વિદ્યાર્થી અભ્યાસ ન કરતા હોય, માનનીય કુલપતિશ્રીએ સદર અભ્યાસક્રમ બંધ કરવાનો નિર્ણય લીધેલ હોઈ, જે અન્વયે **<u>માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.</u>**

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

**<u>ને બદલે</u>**

:: **માનનીય કુલપતિશ્રીની સંમતિથી યુનિવર્સિટીને ખૂબ આર્થિક ભારણ ન પડે તે પ્રકારે આગલા શૈક્ષણિક વર્ષથી આ અભ્યાસક્રમ સરકાર દ્વારા સંચાલિત હોવાથી ચાલુ રાખવો અને સદર અભ્યાસક્રમની પ્રવેશ જાહેરાત યુનિવર્સિટીની વેબસાઈટ અને સ્થાનિક વર્તમાનપત્રોમાં કરવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

**<u>બાબત ક્રમાંક : ૯૫</u>**

શ્રી નિમાવત શ્રીધર આર. તથા અન્ય સેનેટ/ સિન્ડિકેટ સભ્યશ્રીના તા.૨૩/૧૨/૨૦૧૨ના પત્ર પર વિચારણા કરવા અંગે.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોર્ટમાં સમાધાન કરવું અને ફરિયાદ પરત ખેંચવાની કાર્યવાહી સમાધાન થકી કરવી.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોર્ટમાં સમાધાન કરવું અને ફરિયાદ પરત ખેંચવાની કાર્યવાહી સમાધાન થકી કરવી અન્ય વિદ્યાર્થી સંગઠનોની આવી અન્ય કોઈ કોર્ટ મેટર હોય તો પણ આ પ્રકારે કેસો માટે સમાન રીતે સમાધાન થકી આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

૨. સિન્ડિકેટની તા.૫–૨–૨૦૧૩ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૫–૨–૨૦૧૩ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ યથાવત મંજૂર કરવી.**

૩. યુનિવર્સિટી સંલગ્ન એસ.બી.ગાર્ડા કોલેજ ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ, કોમર્સ, સાયન્સ અને લો કોલેજના વહીવટ સંદર્ભે યુનિવર્સિટીને મળેલ અનેક ફરિયાદો મુજબ સદર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓને પાઠવેલ કારણદર્શક નોટિસ ક્રમાંકઃ એસ(૧)/૨૯૫૨/૨૦૧૩ તા.૧૧–૦૩–૨૦૧૩ માં જણાવ્યા મુજબ કેસ અંગેની સમગ્ર હકીકતો તેમજ દસ્તાવેજી પુરાવાઓ/ આધાર સાથે તા. ૦૨–૦૪–૨૦૧૩ ના રોજ ટ્રસ્ટના કાયદેસરના નોંધાયેલા અધિકૃત ટ્રસ્ટીશ્રીઓને સિન્ડિકેટ સમક્ષ રૂબરૂ હાજર રહેવા જણાવેલ છે. પ્રસ્તુત કારણદર્શક નોટિશ તથા તે સંદર્ભે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સિન્ડિકેટ સમક્ષ મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવાઓ/ આધારો સહીતની રજૂઆત ઉપર વિચારણા કરવા બાબત...

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની કારણદર્શક નોટીસ પત્રાંકઃએસ(૧)/૨૯૫૨/૨૦૧૩ તા.૧૧–૦૩–૨૦૧૩થી પાઠવેલ/ પુછાવેલ તેનો કોઈપણ પ્રકારનો જવાબ નિયત સમયમાં રજુ કરેલ નથી. નોટીસ પાઠવ્યા મુજબના કોઈપણ ટ્રસ્ટીઓ આજરોજની સિન્ડિકેટ સભામાં હાજર રહ્યા ન હતા, પરંતુ શ્રી નોશીર કાવસજી સબાવાલા પોતે ડોનર ટ્રસ્ટી તરીકે ઓળખાવી તે અંગેની લેખિત રજૂઆત કરતાં આજ રોજની સિન્ડિકેટની સભામાં તેને હાજર રાખ્યા હતા અને તેમનો તા.૨–૪–૨૦૧૩ના રોજ રજૂ કરેલ પત્રથી તેમણે વધુ મુદતની (સમયની) માંગણી કરી હતી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર ટ્રસ્ટના અધિકૃત ટ્રસ્ટીઓને સાંભળવા કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા નીચેના સભ્યોની સમિતિની નિયુક્તિ કરવી.**

**(૧) આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.ઘનશ્યામભાઈ રાવલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૪) શ્રી ગૌરાંગભાઈ વિ. વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૫) મેજર ઉન્મેષભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**સદર સમિતિ સમક્ષ બધા જ અધિકૃત ટ્રસ્ટીશ્રીઓને સુનાવણી માટે વધુ એક તક આપી બોલાવવા અને સદર સમિતિનો અહેવાલ આગામી સિન્ડિકેટમાં રજૂ કરવો. સદર કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી જે. જે. પટેલની ઈન્ચાર્જ આચાર્ય તરીકેની નિમણુંકની સમય મર્યાદા તા.૧૩–૧૧–૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ હોય તેઓને તાત્કાલિક અસરથી એસ. બી. ગાર્ડા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પદેથી દૂર કરવા.**

૪. યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ, સરભાણ, તા.આમોદ, જિ : ભરૂચનું સંસ્થાની સૂચના મુજબ નીચે મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા.૨૯–૧–૨૦૧૩ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

| કોલેજનું હાલનું નામ | કોલેજનું નવું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|
| આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ, મુ.પો. સરભાણ, તા.આમોદ, જિ.ભરૂચ. | શ્રી અંબાલાલ લાલભાઈ જીભાઈ પટેલ અને શ્રી દેસાઈભાઈ જાદવભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચકલાદ –સરભાણ, તા. આમોદ, જિ : ભરૂચ. | બી.એ. અને બી.કોમ. |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ, સરભાણ, તા.આમોદ, જિ : ભરૂચનું સંસ્થાની સૂચના મુજબ ઉપર મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા.૨૯–૧–૨૦૧૩ના પત્રથી કરેલ વિનંતીનો સ્વીકાર કરવો અને યુ. જી.સી., રાજય સરકાર તથા જે તે લાગતા વળગતા અધિકાર મંડળોની મંજુરી લેવાની શરતે મંજુરી આપવામાં આવે છે.**

૫. યુનિવર્સિટીના University Science Instrumentation Centre (USIC) માં ટેકનિશીયન-'એ' તરીકે ફરજ બજાવતા શ્રી બી.વી.પટેલની જગાને બઢતીપાત્ર ગણી ટેકનિશીયન-'એ' ને ૨૪ વર્ષે મળતું ઉચ્ચતર પગારધોરણ રૂા.૪૫૦૦-૧૦૦-૭૦૦૦ ના બદલે ટેકનિશીયન-'બી' ને મળતુ રૂા.૫૦૦૦-૧૫૦-૮૦૦૦ (પાંચમા પગાર પંચ મુજબ) નું ઉચ્ચતર પગારધોરણ મેળવવા તેઓએ તા.૨૧/૧/૨૦૧૨ ના પત્રથી વિનંતી કરતા, સદર બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટે તેની તા.૧૭/૫/૨૦૧૨ ની બાબત ક્રમાંક : ૬૬ થી શ્રી બી.વી.પટેલની વિનંતી ગ્રાહ્ય રાખેલ.

પરંતુ હિસાબી વિભાગની તા.૨૮/૧/૨૦૧૩ ની કાર્યાલય નોંધ અંતર્ગત ટેકનિશીયન-'એ' ની જગ્યાને સ્થાનિક ભંડોળ કચેરીએ અગાઉ એકાંકી ગણી ઉચ્ચતર પગારધોરણના લાભ આપ્યા હોય અને તે મુજબ તેમને ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/ ૧૦૨૦૦૭/ ૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭ મુજબ રૂા.૪૫૦૦-૭૦૦૦ નુ દ્વીતીય ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થતુ હોય સદર બાબત પર પુન : વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી અને સભ્યશ્રીઓને અહેવાલ સત્વરે આપવા જણાવવું.**

**(૧) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) ડૉ.કિરણ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે લકઝરી બસ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે લકઝરી બસ કોન્ટ્રાકટથી રાખી શકાય કે કેમ તે બાબતની તપાસ કરવી.**

૭. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં એમ. એસસી. પી. જી. કોર્ષ સેન્ટરમાં વધારાની કામગીરી કરતા લેબ અને વહીવટી કર્મચારીઓને ન ચૂકવતાં મહેનતાણાં મંજૂર કરવા સમસ્ત સાયન્સ કોલેજોના નોન ટીચીંગ સ્ટાફના તા.૬–૨–૨૦૧૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

**(૧) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ.ડૉ.વિનોદભાઈ એન. પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) આ.ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૮. પરીક્ષા આચાર સમિતિની તા.૩૧–૦૧–૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૩૧/૦૧/૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ક " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**વધુમાં ચોરી કરતા જે વિદ્યાર્થી કે વિદ્યાર્થીની જે પરીક્ષામાં પકડાય ત્યાર પછીની બાકી રહેતી પરીક્ષામાં તેઓ બેસી શકશે નહીં.**

**(પરિશિષ્ટ : " ક ")**

૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં બેચલર ઓફ ઈન્ટિરીયર ડિઝાઈન સ્વનિર્ભર અભ્યાસક્રમમાં હાલમાં સ્ટુડન્ટઃટીચર રેશીયો ૧૫:૧ હોય બેચલર ઓફ ઈન્ટિરીયર ડિઝાઈન સ્વનિર્ભર અભ્યાસક્રમના વિવિધ એકેડેમિક વહીવટી સરળતા માટે ઓનેરરી ડાયરેકટરશ્રી આર્કિ.આર. ડી. દેસાઈના તા.૧૨–૨–૨૦૧૩ના પત્ર ક્રમાંકઃ ફા.આ. અને ઈ.ડિ./૨૦૧૩ થી વિવિધ નીચે દર્શાવેલ ૧૨ શૈક્ષણિક જગાની જોગવાઈ કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| પ્રોફેસર | – | ૦૨ |
| એસોસીયેટપ્રોફેસર | – | ૦૨ |
| આસીસ્ટન્ટ પ્રોફેસર | – | ૦૮ |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતાં બેચલર ઓફ ઈન્ટિરીયર ડિઝાઈન સ્વનિર્ભર અભ્યાસક્રમમાં નીચે મુજબ મંજૂરી આપવી.**

| | | |
|---|---|---|
| **પ્રોફેસર** | – | **૦૧** |
| **એસોસીયેટપ્રોફેસર** | – | **૦૧** |
| **આસીસ્ટન્ટ પ્રોફેસર** | – | **૦૨** |

૧૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડો. પી. કે. ગઢિયા તા.૨૫–૨–૨૦૧૩ના રોજ ૬૨ વર્ષ પૂર્ણ કરતાં હોય સિન્ડિકેટ તા.૨૦–૧–૧૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) થી ઠરાવ્યાનુસાર સત્રના નિયમાનુસાર તા.૧૪–૬–૨૦૧૩ સુધી વિભાગીય વડા તરીકે ચાલુ રહી શકે જેના અનુસંધાને તેઓના વિભાગના કુલસચિવશ્રી સાથે જોઈન્ટ એકાઉન્ટમાં ચેક પર સહી કરી શકાય કે કેમ ? તે સબબ ડો. પી. કે. ગઢિયાના તા.૨૧–૨–૨૦૧૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર એન્ડ હેડ, ડો.પી. કે. ગઢિયાને તેઓના વિભાગના કુલસચિવશ્રી સાથે જોઈન્ટ એકાઉન્ટમાં ચેક પર સહી કરવાની મંજૂરી આપવી.**

**વધુમાં આ પ્રકારે કોઈ પણ વિભાગીય વડા (H.O.D.) ૬૨ વર્ષ પૂર્ણ થયા બાદ મળતા Extentionના સમયગાળા દરમ્યાન આ પ્રકારની કામગીરી કરી શકશે.**

૧૧. યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા રોજમદાર હંગામી કર્મચારીઓના સિન્ડિકેટની તા.૩–૪–૧૧/ ૬/ ૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯૯થી વિવિધ લેવલ નિયત કરવામાં આવેલ હતા. જે અંતર્ગત વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કરાર આધારિત રોજમદાર કર્મચારીઓએ પોતાનું લેવલ વધારવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

**(૧) આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૪) ડૉ.કિરણ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર સંસ્થા કે યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં બિનશૈક્ષણિક કર્મચારીનું મહેકમ તથા અલાયદા સ્વનિર્ભર પુલ બનાવવા અંગેની વિચારણા પણ સદર સમિતિ મારફતે કરાવવી.**

૧૨. યુનિવર્સિટી સંલગ્ન ટી. એન્ડ ટી.વી. સ્કુલ ઓફ નર્સિંગ અશ્રકતાશ્રમ કોમ્પલેક્ષ, રામપુરા, સુરત સ્વનિર્ભર અભ્યાસક્રમ પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ થી બંધ કરવાના શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, રામપુરા, સુરતના પ્રમુખશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તેમના તા.૮–૦૯–૨૦૧૨ના પત્ર ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા.૭–૧–૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ (૩૩) અન્વયે, નિયુકત સમિતિએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ સમિતિનો અહેવાલ સ્વીકારી ઓર્ડીનન્સ ૬૬ મુજબ કોલેજ બંધ કરવા આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૧૩. સી. જે. પટેલ વિદ્યાધામ, વરીયાવ કોલેજે સને ૨૦૦૮–૨૦૦૯નાં શૈક્ષણિક વર્ષ દરમિયાન શ્રી ચૌહાણ કશ્યપ દીનુભાઈને એફ.વાય.બી.કોમ.માં સીધો પ્રવેશ આપ્યો છે. સદર વિદ્યાર્થી ગુજરાત સિવાયનાં બોર્ડના હોય તેમણે એલીજીબીલીટી સર્ટિફિકેટ લીધા વિના ત્રણ વર્ષ અભ્યાસ પૂર્ણ કરીને બી.કોમ.ની ડીગ્રી લીધી છે. ત્યારબાદ યુનિવર્સિટીનાં જર્નાલિઝમ વિભાગમાં એડમીશન લીધેલ છે. અને કોલેજે વિદ્યાર્થીને ટી.સી.નહી આપતાં કોલેજ સામે શિક્ષાત્મક પગલા લઈને વિદ્યાર્થીને યુનિર્વસિટી ધ્વારા એલીજીબીલીટી સર્ટિફિકેટ અને કોલેજ ધ્વારા ટી.સી.આપવા અંગે વિચારણા માટે સિન્ડિકેટની તા. ૧૭–૦૫–૨૦૧૨ની સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

" :: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે સંસ્થાને ૧(એક) લાખ દંડ કરવો તથા સદર વિદ્યાર્થીને માનનીય કુલપતિશ્રી સમક્ષ રૂબરૂ બોલાવી તેનો ખુલાસો પૂછવો."**

ઉપરોકત ઠરાવની જાણ સંસ્થાને કરવામાં આવી હતી જેના અનુસંધાને કોલેજનાં ઈ.ચા. આચાર્યશ્રીએ તા. ૧૨–૦૨–૨૦૧૩ નાં રોજ કાર્યાલયને લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાનો દંડ ઘટાડીને રૂા.૫૦,૦૦૦/– કરવો પરંતુ આ સંસ્થામાં પરીક્ષાનું સુચારૂ રૂપે સંચાલન કેમ નથી થતું તે બાબતની શો–કોઝ નોટિશ આચાર્ય/ ટ્રસ્ટીને આપવી.**

૧૪. પરીક્ષા આચાર સમિતિની તા.૧૪/૨/૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૪/૨/૨૦૧૩ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ગ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૧૫. સિન્ડિકેટ તા.૪–૧૧–૨૦૦૪નાં ઠરાવ ક્રમાંક : ૧૫થી ઠરાવ્યા પૈકીના " યુનિવર્સિટીને એકવાર ફાઈનલ ઈન્ટર્નલ મોકલ્યા પછી કોઈ પણ જાતનો ઈન્ટર્નલ માર્કમાં ફેરફાર કરવો નહી. " નિર્ણય પર પુન : વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા પરીક્ષા નિયામક દ્વારા સંયુકત રીતે ઓરીજનલ દસ્તાવેજોની ચકાસણી/ ખરાઈ કર્યા બાદ ઈન્ટર્નલ માર્કસ સુધારવાની કેસ ટુ કેસમાં મંજૂરી આપવી.**

૧૬. તા.૨૩–૫–૨૦૧૨થી નવી રચાયેલી બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીગ (BUT) પર સ્ટેચ્યુટ 134 (a) (6) તથા (7) ની જોગવાઈ અન્વયે સભ્ય નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત.

Statute : 134 (a) (6)

One member nominated by the Syndicate from among its members.

Statute : 134 (a) (7)

Two Professors in charge of Post-Graduate Centres, nominated by the Syndicate.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૩–૫–૨૦૧૨થી નવી રચાયેલી બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ** (BUT) **પર સ્ટેચ્યુટ** 134 (a) (6) **તથા** (7) **ની જોગવાઈ અન્વયે નીચેના મુજબના સભ્યોની નિયુકત કરવી.**

Statute : 134 (a) (6)

One member nominated by the Syndicate from among its members.

**(૧) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

Statute : 134 (a) (7)

Two Professors in charge of Post-Graduate Centres, nominated by the Syndicate.

**(૧) આ.ડૉ.જયંતીભાઈ એસ. ચૌધરી (એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી)**

**(૨) આ.ડૉ.મહેશકુમાર એન. વશી (વી. એસ. પટેલ કોલેજ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા.)**

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે દાતાશ્રીના દાનમાંથી બંધાનાર આર્ટ ગેલેરી માટે થનાર MOU પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે દાતાશ્રીના દાનમાંથી બંધાનાર આર્ટ ગેલેરી માટેની MOUનો ખરડો મંજૂર કરવો અને MOU મુજબની આગળની કાર્યવાહી હાથ ધરવાની મંજૂરી આપવામાં આવે છે.**

૧૮. યુનિવર્સિટી સંલગ્ન શ્રી માછી મહાજન એજયુકેશન સોસાયટી, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્. કોલેજ), નાની દમણમાં **ગણિત** વિષયના **આસીસ્ટન્ટ પ્રોફેસર**ની પસંદગી માટે તા.૨૦–૧૦–૨૦૧૨ના રોજ મળેલ પસંદગી સમિતિએ સર્વાનુમતે પસંદગી પામેલ **ડૉ.સંજયકુમાર શંકરભાઈ પટેલને ગણિત** વિષયના **આસીસ્ટન્ટ પ્રોફેસર** તરીકેની નિમણૂંકને **ડાયરેકટર ઓફ એજયુકેશન, દમણના તા.૦૪–૧૨–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ DE/ADM/SMMES/LEC/2012-13/1158**ને આધારે આ કાર્યાલયના તા.૨૪–૦૧–૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/ (માન્યતા –૧૧૧)/ ૯૬૬/ ૨૦૧૩ થી આપેલ બહાલી સંદર્ભે સદર કોલેજના ઉપરોક્ત ઈન્ટરવ્યુની કાર્યવાહી રદ કરવા સિન્ડિકેટ સભ્યશ્રીઓએ સામુહિક સહીથી યુનિવર્સિટી કાર્યાલયને આપેલ તા.૦૫–૦૨–૨૦૧૩ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને Withdraw કરવી.**

૧૯. સેલ્ફ ફાઈનાન્સ કોલેજના ડાયરેકટર બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન બની શકે કે કેમ તે અંગે શ્રી કલ્પેશ એમ. રાવલના તા.૦૪–૦૩–૨૦૧૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને Withdraw કરવી.**

૨૦. યુનિવર્સિટી વહીવટી કર્મચારીઓ માટે સિનિયોરીટી લીસ્ટ તૈયાર કરવામાં આવે છે પરંતુ ભૂતકાળમાં કર્મચારીઓની હંગામી નોકરીની તારીખો અંગે વિસંગતતા પ્રવર્તી રહી હોવાથી તેમજ લોકલ ફંડ દ્વારા અમુક કર્મચારીઓની હંગામી નોકરી ગણતરીમાં લેવામાં આવતા અને અમુક કર્મચારીઓની હંગામી નોકરી ગણતરીમાં ન લેવાતા કાયદાકીય ગૂંચ તેમજ કોર્ટ મેટર બનેલ છે. જેથી વહીવટી કર્મચારીઓ માટે તૈયાર કરવામાં આવતા સિનિયોરીટી લીસ્ટ બનાવવા માટે પડી રહેલી મુશ્કેલી અંતર્ગત વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

| | |
|---|---|
| **(૧) ડૉ.જે. આર. મહેતા** | **(કુલસચિવશ્રી)** |
| **(૨) ડૉ.કે. સી. પોરીયા** | **(પ્રો.અને હેડ, ફીઝીકસ વિભાગ)** |
| **(૩) શ્રી એમ. ડી. ઉપાધ્યાય** | **(ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી)** |
| **(૪) શ્રી એચ. ડી. વાઘેલા** | **(મદદનિશ કુલસચિવશ્રી)** |

૨૧. સિન્ડિકેટ સભાની તા.૦૭/૦૧/ ૨૦૧૩ના ઠરાવ ક્રમાંક –૮૪ને અનુસંધાને સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (SMIMER)ની વિદ્યાર્થીની વખારીયા હિમાદ્રી મહેશભાઈનાં S.Y.M.B.B.S September-2011, S.Y.M.B.B.S February-2012 તથા Third M.B.B.S. Part-I October-2012ની પરીક્ષાના પરિણામો રદ કરવામાં આવ્યા છે.

**<u>સિન્ડિકેટ તા. ૦૭/૦૧/૨૦૧૩ ઠરાવ ક્રમાંક : ૮૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે ચોરી કરતા પકડાયા પછીના તમામ પરીક્ષાના પરીણામો રદ કરવા.

સદર નિર્ણયને અનુસંધાને સદર વિદ્યાર્થીનીએ યુનિવર્સિટીને વકીલ મારફતે નોટીસ પાઠવેલ જે નોટીસના અનુસંધાને યુનિવર્સિટી તરફથી નિમાયેલ એડવોકેટશ્રી વૈભવીબેન નાણાંવટીએ તા.૨૪/૦૧/૨૦૧૩ના પત્રથી તથા ટેલીફોનીક ચર્ચાથી આખો નિર્ણય વિદ્યાર્થીનીને કોઈ નોટીસ આપ્યા સિવાય લેવામાં આવ્યો હોવાનું જણાવેલ તથા વિદ્યાર્થીનીને સાંભળ્યા બાદ યોગ્ય નિર્ણય લેવાનું જણાવતાં સદર પત્ર પરની કાર્યાલય નોંધ પર મા.કુલપતિશ્રીના તા.૨૪/૦૧/૨૦૧૩ના આદેશ અનુસાર વકીલનો પત્ર સિન્ડિકેટમાં વિચારણા માટે મૂકવામાં આવ્યો હતો.

**<u>સિન્ડિકેટ તા. ૦૫/૦૨/૨૦૧૩ ઠરાવ ક્રમાંક : ૧૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીનીને હાઈકોર્ટના અંતિમ નિર્ણયને આધીન શરતી પરીક્ષામાં બેસવા દેવા તથા હવેથી યુનિવર્સિટી ખાતે ઈન્વર્ડ રજીસ્ટ્રરમાં નોંધણી થાય તેની કાળજી રાખવી તથા જવાબદારોને ઠપકો આપવો તથા સ્મીમેરના જવાબદારોને પણ ઠપકો આપવા જણાવવું.

સદર વિદ્યાર્થીનીના તા.૩૧/૦૧/૨૦૧૩ના પત્રના અનુસંધાને રજૂ કરેલ પરીક્ષા વિભાગની કાર્યાલય નોંધ પર માનનીય કુલપતિશ્રીના તા.૦૨/૦૨/૨૦૧૩ના આદેશ અનુસાર તા.૦૫/૦૨/ ૨૦૧૩થી ચાલુ થતી Third M.B.B.S. Part- IIની પરીક્ષામાં બેસવા સિન્ડિકેટ તથા હાઈકોર્ટના અંતિમ ચુકાદાને આધીન મંજુરી આપવામાં આવેલ છે તથા તા.૧૧/૦૨/૨૦૧૩ની નોંધ ઉપર મા.કુલપતિશ્રીના આદેશ અનુસાર તા.૧૬/૦૨/૨૦૧૩ના રોજ વિદ્યાર્થીનીનું હીયરીંગ રાખેલ હીયરીંગ દરમ્યાન વિદ્યાર્થીનીએ આપેલ લેખિત નીવેદન આ સાથે સામેલ છે.

એડવોકેટશ્રીના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીનીનું હીયરીંગ કર્યા બાદ યુનિવર્સિટી સિન્ડિકેટ તા.૦૭/૦૧/૨૦૧૩ના ઠરાવ પર પુનઃ વિચારણા કરવા માંગે છે કે સજા યથાવત રાખવા માંગે છે તે અંગેનો નિર્ણય કરી એડવોકેટશ્રીને મોકલવાનો થાય છે.

આ સંજોગોમાં વિદ્યાર્થીનીના હીયરીંગ દરમ્યાનનું વિદ્યાર્થીનીનું લેખિત નીવેદન અવલોકને લઈ સિન્ડિકેટ તા.૦૭/૦૧/૨૦૧૩ના ઠરાવ અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીનીના હીયરીંગ દરમ્યાનનું લેખીત નિવેદન અવલોકને લઈ ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટ તા.૭–૧–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : ૮૪થી વિદ્યાર્થીની વખારીયા હિમાદ્રી મહેશભાઈનાં S.Y.M.B.B.S September-2011, S.Y.M.B.B.S February-2012 તથા Third M.B.B.S. Part-I October-2012 એમ ત્રણ પરીક્ષાનાં રદ કરેલ પરીણામો પુનઃજાહેર કરવાં તથા Third M.B.B.S. Part-II February 2013ની પરીક્ષાનું પરીણામ જે હાલ DLO (Declared Later On) છે. તે વિદ્યાર્થીનીનો છ મહિનાની સજાનો સમયગાળો તા.૩૦–૦૬–૨૦૧૩ના રોજ પૂર્ણ થતો હોય તેથી તા.૦૧–૦૭–૨૦૧૩ના રોજ સદર પરિણામ જાહેર કરવું.**

૨૨. યુનિવર્સિટી ધારાની કલમ <u>**21(1) (v)** Two members nominated by the Syndicate from amongst its own members. AND **21(1) (2**) The term of office of the members of the Academic Council other than ex- officio members shall be three years.</u> પ્રમાણે સિન્ડિકેટે તેના સભ્યો પૈકી બે સભ્યોને એકેડેમીક કાઉન્સિલ પર (Nominate) એટલે કે, તા. ૨૨–૫–૨૦૧૫ અથવા જે તે સભ્ય ૬૨ વર્ષની વય મર્યાદા પુરી કરે એ બે સમય મર્યાદામાં જે વહેલુ હોય તે સમય સુધી કરવાની જોગવાઈ મુજબ આગામી ત્રણ વર્ષ માટે બે સભ્યોને ઉપરોક્ત નિયમ મુજબ નિયુકત (Nominate) કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધારાની કલમ** <u>**21(1) (v)** Two members nominated by the Syndicate from amongst its own members. AND **21(1) (2**) The term of office of the members of the Academic Council other than ex- officio members shall be three years.</u> **પ્રમાણે સિન્ડિકેટે તેના સભ્યો પૈકી બે સભ્યોને એકેડેમીક કાઉન્સિલ પર નિયમ મુજબ નિયુકત** (Nominate) **કરવા માટે સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ.ઘનશ્યામભાઈ રાવલે પ્રસ્તાવ નં.૧ની દરખાસ્ત કરેલ જે અન્વયે (૧) શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (૨) ડૉ.વિનોદભાઈ નારણભાઈ પટેલના નામોની દરખાસ્ત કરવામાં આવેલ જેને આ.ડૉ. જે. એમ. નાયકે ટેકો આપ્યો હતો.**

**ત્યાર બાદ આ.શ્રી અશ્વિનભાઈ પટેલે પ્રસ્તાવ નં. ૨ની દરખાસ્ત કરેલ જે અન્વયે (૧) મેજર ઉન્મેષ જે. પંડયા અને (૨) શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાના નામની દરખાસ્ત કરવામાં આવેલ જેને શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યે ટેકો આપ્યો હતો.**

**બે દરખાસ્તો રજુ થતા યુનિવર્સિટી એકટની કલમ <u>21(1) (v)</u>ની જોગવાઈ મુજબ ડીવિઝનથી સભ્યોના મત લેવામાં આવ્યા હતા અને મળેલ મતોના આધારે પ્રસ્તાવ નં. ૧માં જણાવેલ નામો (૧) શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (૨) ડૉ.વિનોદભાઈ નારણભાઈ પટેલને ૮ (આઠ) મતો મળ્યા હતા અને પ્રસ્તાવ નં. ૨માં જણાવેલ નામો (૧) મેજર ઉન્મેષ જે. પંડયા અને (૨) શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાને ૬ (છ) મતો મળ્યા હતા.**

**જાહેર થયેલા પરિણામો મુજબ પ્રસ્તાવ નં.૧માં જણાવેલ નામો (૧) શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (૨) ડૉ.વિનોદભાઈ નારણભાઈ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા તેઓ એકેડેમિક કાઉન્સિલમાં નોમિનેટ કરવામાં આવે છે. સિન્ડિકેટ સભ્ય રહે ત્યાં સુધી અથવા સભ્ય ૬૨ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી રહી શકશે.**

**વધુમાં સર્વસંમતિથી ઠરાવવામાં આવેલ કે મતપત્રકોનો સભા સમક્ષ કુલસચિવશ્રી દ્વારા નાશ કરવામાં આવ્યો હતો.**

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રુફ રીડર શ્રી અરવિંદકુમાર ટી. કાયસ્થના તા.૧૬/૨/૨૦૧૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, નિયમાનુસાર જે ચૂકવણી થતી હોય તે ચૂકવણી કરવી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૨૪. યુનિવર્સિટી કાર્યાલયના બાંધકામ વિભાગમાં જુ.કલાર્ક / ટાઈપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક) તરીકે ફરજ બજાવતા શ્રી વિજયકુમાર કાંતિલાલ પટેલએ તેમના તા.૨૫/૨/૨૦૧૩ ના આ સાથે સામેલ પત્રથી તેમને અન્યત્ર બેંકમાં નોકરી મળેલ હોય, તેમણે યુનિવર્સિટીની સેવામાંથી રાજીનામુ મંજૂર કરી યુનિવર્સિટીના નીતિનિયમો અનુસાર આપવાના થતા નોટીસના સમયગાળાને **Waive** કરવા કરેલ વિનંતીના સંદર્ભમાં તા.૨૬/૨/૨૦૧૩ ના રોજ કાર્યાલય સમય બાદ અમલમાં આવે તે રીતે તેમનું રાજીનામું મંજૂર કરી એક માસનો નોટીસ પે વેવ કરવાના માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૨૫. **આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ તૈયાર કરેલ** B.RCH. I TO BARCH.V / M.ARCH. I AND M.ARCH.II **માટે શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ માટે નીચે પ્રમાણેની સત્રવ્યવસ્થા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાની નોંધ લેવા બાબત.**

**TERM SCHEDULE FOR,**
**B.RCH. I TO BARCH.V/M.ARCH. IAND M.ARCH.II**
**FOR THE ACADEMIC YEAR 2012-13**

| |
|---|
| Opening of the Term (Even Semester) **:** 15-01-2013 |
| Teaching : 15-01-2013 to 18-05-2013 (18 Weeks)<br>Preparatory Leave : 20-05-2013 to 01-06-2013 (2 Weeks)<br>University/External Exams : 03-06-2013 to 22-06-2013 (3 Weeks) |
| Faculty Vacation :<br>20-05-2013 to 01-06-2013 (2 Weeks)<br>24-06-2013 to 13-07-2013 (3 Weeks) |
| Opening of the New Semester (Odd Semester): 15-07-2013 |

(શૈક્ષણિક)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**વધુમાં તા.૬–૫–૨૦૧૩થી ઉનાળુ વેકેશન આર્ટ્સ/સાયન્સ/કોમર્સ વિદ્યાશાખાની સંલગ્ન કોલેજીસમાં રાખવું તથા આર્ટ્સ/સાયન્સ/કોમર્સ વિદ્યાશાખાની સંલગ્ન કોલેજીસ નું શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩–૨૦૧૪ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ સોમવાર, તા.૨૪–૬–૨૦૧૩નો રહેશે.**

૨૬. કાનુન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો **માટે ડીનશ્રી તરફથી તા.૧૫/૫/૨૦૧૨નાં રોજ રજૂ કરેલ સત્રવ્યવસ્થા મા. કુલપતિશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે નીચે પ્રમાણે** એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન લો કોલેજો માટે સત્રવ્યવસ્થા**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| (૧) | શૈક્ષણિક કાર્યની શરૂઆત | સોમવાર, ૦૨–૦૭–૨૦૧૨ |
| (૨) | એનરોલમેન્ટ ફોર્મ તથા અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ | શનિવાર, ૨૯–૦૯–૨૦૧૨ |
| (૩) | (1) LL.B Semester I to Semester-VI<br>(2) LL.M (CBCS Mode) Semester-I & Semester-III<br>(3) First LL.B (CBCS Mode) Semester-I<br>પરીક્ષાના ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવાની છેલ્લી તારીખ | પેનલ્ટી વગર : શુક્રવાર, તા.૧૨–૧૦–૨૦૧૨<br>પેનલ્ટી સાથે : શનિવાર, તા.૨૦–૧૦–૨૦૧૨ |
| (૪) | LL.B. પરીક્ષાઓ<br>(1) Semester - I, III & V<br>(2) Semester - II, IV & VI<br>First LLB (CBCS Mode) Semester- I | (૧) મંગળવાર, તા. ૦૪–૧૨–૨૦૧૨ થી<br>(૨) સોમવાર, તા. ૧૦–૧૨–૨૦૧૨ થી<br>(૩) મંગળવાર, તા. ૦૪–૧૨–૨૦૧૨ |
| | (1) LLM. (CBCS Mode) Semester-I<br>(2) LLM. (CBCS Mode) Semester-III | (૧) શુક્રવાર, તા.૩૦–૧૧–૨૦૧૨<br>(૨) શુક્રવાર, તા.૦૭–૧૨–૨૦૧૨ |
| (૫) | દિવાળી વેકેશન<br>(યુનિવર્સિટી દ્વારા જાહેર થયા મુજબ) | શુક્રવાર, તા.૦૯–૧૧–૨૦૧૨ થી<br>બુધવાર તા.૨૮–૧૧–૨૦૧૨ |
| (૬) | પ્રથમ સેમેસ્ટરનો અંત | શનિવાર ૧૫–૧૨–૨૦૧૨ |
| (૭) | દ્વિતિય સેમેસ્ટરની શરૂઆત | સોમવાર, તા.૧૭–૧૨–૨૦૧૨ |
| (૮) | (1) LL.B Semester- I to Semester-VI<br>(2) First LL.B.(CBCS Mode) Semester-II<br>(3) LL.M(Annual Mode) Part-I & II<br>(4) LL.M(CBCS Mode) Semester-II & IV ના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવા માટેની છેલ્લી તારીખ | પેનલ્ટી વગર : શનિવાર, તા.૧૬–૦૩–૨૦૧૩<br>પેનલ્ટી સાથે : સોમવાર, તા.૨૫–૦૩–૨૦૧૩ |
| (૯) | LL.B./LL.M. Exams<br>LL.B. Semester- II , IV & VI | મંગળવાર તા. ૨૩–૦૪–૨૦૧૩ થી |
| | LL.B. Semester-I, III & V | મંગળવાર, તા. ૩૦–૦૪–૨૦૧૩ થી |
| | First LL.B. (CBCS Mode) Semester-II | મંગળવાર, તા. ૨૩–૦૪–૨૦૧૩ થી |
| | LLM.. (Annual Mode) Part-I | સોમવાર, તા.૨૯–૦૪–૨૦૧૩ થી |
| | LLM. ((Annual Mode) Part-II | સોમવાર, તા.૦૬–૦૫–૨૦૧૩ થી |
| | LL.M. (CBCS Mode) Semester-II | ગુરૂવાર, તા. ૦૨–૦૫–૨૦૧૩ થી |
| | LL.M. (CBCS Mode) Semester-IV | Dissertation Viva as declared by the University |
| (૧૦) | દ્વિતિય સેમેસ્ટરનો અંત | શનિવાર, તા.૧૮–૦૫–૨૦૧૩ |
| (૧૧) | ઉનાળુ વેકેશન | સોમવાર, તા.૨૦–૦૫–૨૦૧૩ થી શનિવાર તા.૩૦–૦૬–૨૦૧૩ |
| (૧૨) | શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ | સોમવાર ૦૧–૦૭–૨૦૧૩ |

(શૈક્ષણિક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૨૭. તબીબી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી મા.કુલપતિશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે સુધારેલ નીચે પ્રમાણેની સત્ર વ્યવસ્થા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

**(૧)કોલેજમાં ચાલતા અભ્યાસક્રમ : એમ.બી.બી.એસ. તથા પી.જી. મેડીકલ ડીગ્રી અને ડીપ્લોમાં કોર્સ**

**<u>શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ ની તબીબી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તબીબી કોલેજો માટેની સત્રવ્યવસ્થા</u>**

**(૧) પ્રથમ સત્ર શરૂ થયાની તારીખ : તા. ૧૮–૦૬–૨૦૧૨ (સોમવાર)**

**(૨) પ્રથમ સત્ર પૂર્ણ થયાની તારીખ : તા. ૦૩–૧૧–૨૦૧૨ (શનિવાર)**

**(૩) દ્વિતિય સત્ર શરૂ થયાની તારીખ : તા. ૨૦–૧૧–૨૦૧૨ (મંગળવાર)**

**(૪) દ્વિતિય સત્ર પૂર્ણ થયાની તારીખ : તા. ૦૬–૦૪–૨૦૧૩ (શનિવાર)**

**<u>–: દિવાળી વેકેશન :–</u>**

**પ્રથમ અર્ધ ભાગ : તા. ૦૫–૧૧–૨૦૧૨(સોમવાર) થી તા.૧૯–૧૧–૨૦૧૨ (સોમવાર)**

**કામકાજનો દિવસ : તા. ૨૦–૧૧–૨૦૧૨ ( મંગળવાર)**

**દ્વિતિય અર્ધ ભાગ : તા. ૨૧–૧૧–૨૦૧૨(બુધવાર) થી તા. ૦૫–૧૨–૨૦૧૨ (મંગળવાર)**

